**જાહેરનામું**

**પોલીસ કમિશનર,અમદાવાદ શહેરના હુકમ ક્રમાંક : ગ/ઉપક/ટ્રાફિક/૪૩/૨૦૨૫,**
**તા.૭/૧૨/૨૦૨૫**

હું, જી.એસ.મલિક,IPS, પોલીસ કમિશનર, અમદાવાદ શહેર, મને મળેલ ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ ની પેટા કલમ ૩૩ (૧) (બી) (સી) ની સત્તા અન્વયે આજ તા.૭/૧૨/૨૦૨૫ ના રોજ માધવપુરા પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવેલ નમસ્તે સર્કલ ખાતે 'વિશ્વ હિંન્દુ પરિષદ' તરફથી ભવ્ય ત્રિશુલ દિક્ષાનો કાર્યક્રમ રાખવામાં આવેલ છે. જેમાં મોટા પ્રમાણમાં અને મર્યાદીત સમયમાં વાહનો સાથે આવતા લોકો વચ્ચે વાહનોની અવર-જવર અને ટ્રાફીક પ્રવાહ સરળતાથી પસાર થાય તેમજ માર્ગ અકસ્માતો બનતા નિવારવા માટે નીચે મુજબનો હુકમ કરૂ છું.

**હુકમ :-**

અમદાવાદ શહેરમાં આજ તા.૭/૧૨/૨૦૨૫ ના રોજ માધવપુરા પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવેલ નમસ્તે સર્કલ ખાતે 'વિશ્વ હિન્દુ પરિષદ' તરફથી ભવ્ય ત્રિશુલ દિક્ષાનો કાર્યક્રમ રાખવામાં આવેલ હોય જેમાં ૫૦૦૦ જેટલી જનસંખ્યાની ઉપસ્થિતિમાં આ કાર્યક્રમ કરવામાં આવનાર હોય જે કાર્યક્રમ દરમિયાન નીચે જણાવેલ માર્ગ પરથી પસાર થતો ટ્રાફિક તમામ પ્રકારના વાહનોની અવર-જવર માટે પ્રતિબંધિત/ ડાયવર્ઝન કરવામાં આવે છે.

| **અનં.** | **વાહનોની અવર-જવર માટે પ્રતિબંધિત માર્ગ** | **વૈકલ્પિક માર્ગની વિગત** |
|---|---|---|
| ૧. | નમસ્તે સર્કલ ખાતે સફલ તરફના રોડ ઉપરથી દક્ષિણ દીશા તરફનો સ્ટેજ બાંધી નમસ્તે સર્કલથી એચ.બી.કાપડીયા સ્કુલ સુધીનો દિલ્હી ચકલા તરફનો રોડ વાહન વ્યવહારની અવર-જવર માટે બંધ રહેનાર છે. | દિલ્હી ચકલાથી નમસ્તે સર્કલ તરફ આવતો માર્ગ બન્ને તરફના વાહનોની અવર-જવર માટે ઉપયોગ કરી શકાશે. |

**અપવાદ :** સદર કાર્યક્રમ સાથે સંકળાયેલ વાહનો,ફરજમા રોકાયેલ સરકારી વાહનો, ફાયર બ્રિગેડ, એમ્બ્યુલન્સના વાહનો તેમજ આકસ્મિક સંજોગોમા વાહન સાથે અવર-જવર કરનારને આ જાહેરનામુ લાગુ પડશે નહી.

**-: જાહેરનામાની અમલવારીની વિગત :-**

આ જાહેરનામાનો અમલ ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ ની કલમ-૩૩ ની જોગવાઇ હેઠળ મહત્તમ સમયમર્યાદાને આધિન રહીને **તા.૭/૧૨/૨૦૨૫ ના કલાક ૧૩.૦૦ થી કાર્યક્રમ પુર્ણ ન થાય ત્યાં સુધી** કરવાનો રહેશે.

આ જાહેરનામાના આદેશોનું ઉલ્લંઘન કરનાર ઇસમ ભારતીય ન્યાય સંહીતા (BNS) ૨૦૨૩ ની કલમ-૨૨૩ અને ગુજરાત પોલીસ અધિનિયમ કલમ ૧૩૧ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે અમદાવાદ કમિશ્નરેટમાં ફરજ બજાવતાં સંયુક્ત/અધિક પોલીસ કમિશનરશ્રીના દરજ્જાથી પોલીસ કોન્સ્ટેબલ સુધીનો હોદ્દો ધરાવનાર તમામ પોલીસ અધિકારીશ્રી/ કર્મચારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઇસમો સામે ભારતીય ન્યાય સંહીતા (BNS) ૨૦૨૩ ની કલમ-૨૨૩ તથા ગુજરાત પોલીસ અધિનિયમ કલમ-૧૩૧ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજરોજ તા.૭/૧૨/૨૦૨૫ એ મેં મારી સહી તથા સિક્કો કરી આપેલ છે.

તા.૭/૧૨/૨૦૨૫
અમદાવાદ શહેર

પોલીસ કમિશનર
અમદાવાદ શહેર

**( જી.એસ.મલિક )**
પોલીસ કમિશનર
અમદાવાદ શહેર

**નકલ સવિનય રવાના :**

(૧) અગ્ર સચિવશ્રી,ગુજરાત રાજ્ય,ગાંધીનગર, ગુજરાત સરકાર
(૨) અધિક મુખ્ય સચિવશ્રી, ગુજરાત રાજ્ય, ગૃહ વિભાગ, ગાંધીનગર

(૩) પોલીસ મહાનિદેશક અને મુ.પો.અધિ.શ્રી, ગુ.રા.ગાંધીનગર
(૪) અધિક પો.મહાનિદેશકશ્રી (ઈન્ટે.) ગુ.રા.ગાંધીનગર
(૫) પોલીસ કમિશ્નરશ્રી, સુરત,વડોદરા,રાજકોટ શહેર
(૬) મ્યુનિસિપલ કમિશ્નરશ્રી,અ.મ્યુ.કો., અમદાવાદ શહેર
(૭) નાયબ મ્યુનિસિપલ કમિશ્નરશ્રી,દાણાપીઠ,અમદાવાદ શહેર
(૮) કલેકટરશ્રી,અમદાવાદ શહેર
(૯) નિયામકશ્રી,માહીતી ખાતું,ગુ.રા.ગાંધીનગર
(૧૦) સંયુકત માહીતી નિયામકશ્રી, બૅરેક નં-૦૩,આંબાવાડી પોલીટેકનીક,અમદાવાદ શહેર
(૧૧) રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઈકોર્ટ, ગુ.રા.ગાંધીનગર
(૧૨) રજીસ્ટ્રારશ્રી, સીટી સિવિલ અને સેશન્સ કોર્ટ, અમદાવાદ શહેર
(૧૩) રજીસ્ટ્રારશ્રી, સેશન્સ કોર્ત, અમદાવાદ (ગ્રામ્ય), મીરઝાપુર, અમદાવાદ
(૧૪) ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટશ્રી, અમદાવાદ શહેર
(૧૫) મુખ્ય સરકારી વકીલશ્રી, સીટી સેશન્સ કોર્ટ, ભદ્ર, અમદાવાદ શહેર
(૧૬) સંયુકત/અધિક પોલીસ કમિશ્નરશ્રી,વિશેષ શાખા, સેકટર-૧,સેકટર-૨,મુખ્ય મથક,ટ્રાફિક,ક્રાઇમ બ્રાન્ચ ,અમદાવાદ શહેર
(૧૭) મેનેજરશ્રી, ગર્વમેન્ટ પ્રેસ અને સ્ટેશનરી ડીપાર્ટમેન્ટ વડોદરા તરફ ગેઝેટ ભાગ-૦૧ માં પ્રસિધ્ધ કરવા સારૂં. ( E-mail : **gogpress-vad@gujarat.gov.in** )
(૧૮) તમામ નાયબ પોલીસ કમિશ્નરશ્રીઓ,અમદાવાદ શહેર
(૧૯) નાયબ પોલીસ કમિશ્નરશ્રી (ઈન્ટે.) અમદાવાદ શહેર
(૨૦) તમામ મદદનીશ પોલીસ કમિશ્નરશ્રીઓ,અમદાવાદ શહેર
(૨૧) જનસંપર્ક અધિકારીશ્રી, (સ્થાનિક વર્તમાનપત્રો તેમજ આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર ઉપરથી જાહેરાત કરવા સારુ)
(૨૨) તમામ પો.ઈન્સ.શ્રીઓ, અમદાવાદ શહેર (જાહેર જગ્યાઓએ નકલો ચોંટાડી લાઉડ સ્પીકર વાહન દ્વારા જાહેરાત કરાવવા સારૂં)
(૨૩) પો.ઈન્સ.શ્રી, રેલ્વે એસ.ઓ.જી, કાલુપુર રેલ્વે સ્ટેશન, અમદાવાદ શહેર
(૨૪) પો.ઈન્સ.શ્રી, અમદાવાદ રેલ્વે સ્ટેશન.
(૨૫) પો.ઈન્સ.શ્રી, સાબરમતી રેલ્વે સ્ટેશન.
(૨૬) પો.ઈન્સ.શ્રી, કોમ્પ્યુટર શાખા,પોલીસ કમિશ્નરશ્રીની કચેરી (C.P Ahmedabad website ઉપર પ્રસિધ્ધ કરવા સારૂં
(૨૭) મ.પો.કમિ.શ્રી સાયબર ક્રાઇમ, અમદાવાદ શહેર પોલીસના તમામ Social Media પ્લેટફોર્મ પર પ્રસિધ્ધ કરવા સારૂ.